# બી.આર.સી. – ગોંડલ

વર્ષ – ૨૦૨૫-૨૬

# વેકેશન ગૃહકાર્ય

**❁ પ્રેરક ❁**

શ્રી એ. પી. વાણવી
નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
રાજકોટ

શ્રી દિક્ષીતભાઈ એચ. પટેલ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને
જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડી.
રાજકોટ

**❁ માર્ગદર્શક ❁**

શ્રી વિપુલ એન. પાંચાણી
બી.આર.સી. કો. ઓર્ડી.
ગોંડલ

શ્રી સતીષભાઈ તેરૈયા
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
ગોંડલ

**❁ સંકલન ❁**

| | | |
|---|---|---|
| શ્રી પ્રશાંત પી. ગોહેલ | બ્લોક MIS કો. ઓર્ડી. | બી.આર.સી. ગોંડલ |
| શ્રી મનીષાબેન એમ. ગજેરા | સી.આર.સી. કો. ઓર્ડી. | શાળા નં. – ૮, ગોંડલ |
| શ્રી હરેશભાઈ એસ. સરવૈયા | સી.આર.સી. કો. ઓર્ડી. | સુલતાનપુર કુમાર તાલુકા શાળા |
| શ્રી પરાક્રમસિંહ એસ. જાડેજા, | આચાર્ય, | રીબડા પ્રા. શાળા |
| શ્રી અલ્પેશભાઈ જી. વાછાણી, | આસી. શિક્ષક, | અનીડા(ભા.) તાલુકા શાળા |
| શ્રી ચંદ્રકાંતભાઈ નિમાવત, | આસી. શિક્ષક, | નાના મહિકા પ્રા. શાળા |
| શ્રી વિપુલભાઈ વાણિયા, | આસી. શિક્ષક, | દેવડા પ્રા. શાળા |



સુજ્ઞ વાલીશ્રી,

ઉનાળુ વેકેશન દરમ્યાન એક જાગ્રત વાલી તરીકે આ આપણી ફરજ છે.

આગામી ઉનાળુ વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ જીવંત રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...

## અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- ***વિદ્યાર્થી મિત્રો, નમસ્કાર,***

  ***આગામી ઉનાળુ વેકેશન માટે દરરોજ વાંચન માટે આયોજનનું તમારું ટાઈમ ટેબલ બનાવો. જેમાં તમામ વિષયને આવરી લેવા.***

### હું સારો માણસ બનવા આટલું કરીશ.

- દરરોજ સવારે વહેલા ઉઠાવાની ટેવ રાખવી અને માતા-પિતા અને વડીલોને વંદન કરવું.
- દરરોજ સવારે વહેલા ઉઠીને પક્ષીઓને ચણ/જળ આપવું.
- દરરોજ જમતાં પહેલાં ગાય કે કૂતરાને રોટલો/રોટલી ખવડાવી અને તેની ખાવાની રીતનું અવલોકન કરવું.
- વેકેશન દરમિયાન ઘરના આંગણે કે ખેતરમાં એક વૃક્ષ વાવવું અને તેનો ઉછેર કરવો.
- વેકેશન દરમિયાન ઓછામાં ઓછા પાંચ વ્યકિતઓને મદદરૂપ થવાનો પ્રયત્ન કરવો અને તમે કરેલ મદદ વિષે ૪ થી ૫ વાક્યો લખાવા.

### મારી ભાષાને હું દ્રઢ બનાવવા હું આટલું દરરોજ કરીશ.

- દરરોજ ગુજરાતી કે પર્યાવરણના એક પાઠનું વાચન કરવું અને દરરોજ એક ફકરો સુંદર અક્ષરે લખવો.
- વાઘ, શિયાળ અને હાથી આ ત્રણ પાત્રોનો ઉપયોગ કરીને એક વાર્તાની રચના કરવી અને લખવી.
- વાર, મહિના અને ઋતુનાં નામ અંગ્રેજીમાં લખો.
- તમારા કુટુંબના સભ્યો અને બધાં સગા સંબંધીઓનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો.
- તમારો અને તમારા મિત્રનો પરિચય હિન્દીમાં લખો.
- હિન્દી ગિનતી ૧ થી ૫૦ સુધી લખવી.

B.R.C. GONDAL

- કોઈપણ વર્ષનું કેલેન્ડર લઈ તેમાં આવતા તહેવારોની તારીખ(અંકોમાં અને શબ્દોમાં) અને વાર લખવા.
- દરરોજ પાંચ-પાંચ સમાનાર્થી, વિરુદ્ધાર્થી અને સ્પેલિંગ લખવા અને તૈયાર કરવા.
- નિબંધ લખો: (૧) મારી શાળા, (૨) મારો પ્રિય તહેવાર
- ૧૦૦ સુધી અંકો હિન્દી તેમજ અંગ્રેજીમાં અંકોમાં અને શબ્દોમાં લખવી.

## હું મારું ગણન દ્રઢ કરવા આટલું જરૂર કરીશ

- ઘરવપરાશની 50 જેટલી ચીજવસ્તુઓના ભાવ જાણી તેનું ભાવપત્રક લખવું.
- દરરોજ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારના બે-બે દાખલા ગણવા.
- ૧ થી 30 સુધીની સંખ્યાઓના અવયવ લખો.
- ૧ થી ૨૦ના ઘડિયા સીધા, આડા અને ઊંધા એક-એક વખત લખવા.
- ૩, ૮, ૬, ૧, ૦ અને ૪ આ અંકોની મદદથી ૭ અંકની વીસ સંખ્યાઓ બનાવી શબ્દોમાં લખો.
- ૧ થી ૧૦ સંખ્યાઓના વર્ગ અને ઘન લખો અને તૈયાર કરો.
- સીધી રેખાથી તમારા પાંચ મિત્રનું નામ અંગ્રેજીમાં લખી તેમાં આવતા ખૂણાઓ ગણી તેનું વર્ગીકરણ કરો.

## મારામાં રહેલી કલાને વ્યક્ત કરવા માટે હું આટલું કરીશ

- દરરોજ રેતીમાં એક ચિત્ર દોરવું અને માતા-પિતાને બતાવવું.
- દરરોજ તમને મનપસંદ એક ચિત્ર દોરો અને તેમાં તમારા મનગમતા રંગ પૂરો.
- ગુજરાતના જિલ્લાઓનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો.
- તમારા વર્ગખંડમાં લગાવવા માટે સુંદર તોરણ બનાવો.
- જૂના મોજામાંથી સાપ કે સસલાનું પપેટ બનાવો. (વેસ્ટ માંથી બેસ્ટ બનાવો)
- કાગળમાંથી કોઈપણ પાંચ વસ્તુઓ બનાવો.

## જ્ઞાન- વિજ્ઞાન ને તાજું રાખવા હું આટલું કરીશ.

- ગુજરાતી મહિનાનાં નામ લખી એ મહિનામાં આવતાં ફળો, શાકભાજી અને તહેવારનાં નામ લખો.
- તમારા ઘરેથી શાળા સુધી આવવાનો નકશો બનાવો.
- તમારા જિલ્લાના તમામ તાલુકાનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો.

## (અલગ નોટબુકમાં)

- તમે વેકેશન દરમ્યાન કરેલી પ્રવૂતિને હંમેશા તમારી સાથે રાખવા દરરોજ તમારી રોજનીશી લખવી.

B.R.C. GONDAL